ગતિવિધિ

રાજ્ય સરકારે બનાવવામાં આવેલ એક્ટની કમિટીમાં ડો.એમ.એમ. પ્રભાકરની મેમ્બર તરીકે નિમણૂક

વડોદરા : ડો.એમ.એમ. પ્રભાકર સાહેબ ને રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલ એક્ટની કમિટીમાં મેમ્બર તરીકે નિમણૂક થવા બદલ તેમજ દેશમાં ગુજરાતનું ગૌરવ વધારનાર અને ખુબ પ્રભાવશાળી વ્યક્તિત્વ અને તમામને સાથે લઈને ચાલનાર અને લોકપ્રિય તબીબ એવા હાલના ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના જનરલ સેક્રેટરી કે જેઓ બિનહરીફ ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના પ્રમુખ તરીકે 2025..26 નાં વર્ષ માટે નિયુક્ત થયા છે. ગુજરાત ને એક દાયકા બાદ પ્રમુખ તરીકે નું સન્માનજનક પદ પ્રાપ્ત થયેલ છે.આજ રોજ ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ની ટીમ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.બંને મહાનુભાવોની સિદ્ધિ માટે ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ગર્વ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

વાકળ માધ્યમિક શાળાના ડૉ. નિતેશકુમાર ઠાકરને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરાશે

વડોદરા : શહેરના બાજવા સ્થિત વાંકળ માધ્યમિક શાળાના એક એવા પ્રતિભાશાળી શિક્ષક છેકે તેમની ગૌરવગાથા દરેક વ્યક્તિને સાંભળવી ગમે. વડોદરાના જ શિક્ષકે પોતાની વિરલ વ્યક્તિત્વ થકી ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સહિત અનેક મહાનુભાવો સાથે પરિસંવાદમાં ભાગ લીધો છે. શિક્ષકદિન એટલે બાળકોના સ્વર્ણિમ ભવિષ્યમાં રક્ષક એવા શિક્ષકની ગૌરવગાન કરવાનો દિવસ. એમાં વડોદરા શહેરના બાજવા સ્થિત વાકળ વિદ્યાલયના અત્યંત તેજસ્વી કારકિર્દી ધરાવતા ડૉ. નિતેશકુમાર રજનીકાંત ઠાકરની વાત કરવી ન ચૂકાય. તેમના વિષય તજજ્ઞતા થકી તેમને ગુજરાતમાં શૈક્ષણિક ટેલિવિઝન કાર્યક્રમમાં પણ સેવા થકી ગુજરાતમાં શિક્ષાની સુગંધ ફેલાઇ રહી છે.વર્ષ ૨૦૧૦ ના શ્રેષ્ઠ શિક્ષણ પરિસંવાદ અંતર્ગત શિક્ષણમાં શ્રેષ્ઠતા વિષય પર ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાથે રૂબરૂ પરામર્શ નો અનુભવ. આ સાથે સાયન્સ સિટી ખાતે યોજાયેલ નોબેલ પ્રાઈઝ સિરીઝના પરિસંવાદમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સમક્ષ પ્રેરક વક્તવ્ય કાર્યક્રમમાં વડોદરા જિલ્લા માંથી પસંદગી પામ્યા હતા. તેમને શિક્ષક તરીકે શાળાના વિદ્યાર્થીઓને તેમના જ્ઞાનશક્તિ નો ભરપુર લહાવો મળતો. આ સાથે બાળકોમાં વ્યસનમુક્તિ, પર્યાવરણનું જતન, બેટી બચાઓ બેટી પઢાઓ, કન્યા કેળવણી, વાંચે ગુજરાત સહિત અનેક વિષયો અંગે જાગૃતિ આવે તે માટે વિવિધ કાર્યક્રમો થકી નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. શાળાના બાળકોનું આરોગ્ય, પ્લાસ્ટિક ઉપયોગ ન થાય તે માટે ઝુંબેશ, જંક ફુડ અને ફાસ્ટ ફૂડ ત્યજીને ઘરથી બનાવેલ નાસ્તા પર ભાર અને ભાષા સંવર્ધન પર સતત પ્રયત્નશીલ રહ્યા છે. વધુમાં બાળકો તણાવમુક્ત પરિક્ષા આપી શકે તે માટે કરેલ સંનિષ્ઠ પ્રયત્નો માટે વડાપ્રધાને વ્યક્તિગત રીતે અભિનંદન પાઠવેલ છે. આજે શિક્ષક દિન નિમિત્તે જ્યારે સમાજમાં જ્ઞાનનો ઉજાસ પથરી અજ્ઞાનતાના ભક્ષક એવા શિક્ષકનું ઋણ ચૂકવવાનો અવસર મળે અને રાજ્ય સરકાર જ્યારે વડોદરાના વિરલ વ્યક્તિત્વને ડૉ. નિતેશકુમારને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરતી હોય ત્યારે દરેક વડોદરાવાસીઓ માટે આ અત્યંત ગર્વની પળ છે.

વાલીયા રંગ નવચેતન વિદ્યાલયના શિક્ષક હિરેનકુમાર દિહેણીયાને જિલ્લા કક્ષા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક

ભરૂચ : ક્ષણે ક્ષણે જે નવું શીખવે એનું નામ શિક્ષણ, જે માતૃહૃદય રાખીને શીખવે એનું નામ શિક્ષક,તા-૫મી સપ્ટેમ્બરે ભરૂચ સહીત રાજ્ય અને દેશમાં તેની ઉજવણી કરવામાં આવે છે.જેમાં ભરૂચ જિલ્લામાં 12 જેટલા શિક્ષકોને તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એવોર્ડ એનાયત કરવામાં આવશે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત કે GIPCL રંગ નવચેતન વિદ્યામંદિર, વાલીયાના શિક્ષક હિરેનકુમાર દિહેણીયાને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ એનાયત કરાશે.

પર્યુષણ પર્વ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેવકીનંદન જૈન શ્વેતાંબર દેરાસર ખાતે દર્શન કર્યા

વડોદરા : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં નવરંગપુરા સ્થિત દેવકીનંદન જૈન શ્વેતાંબર દેરાસર ખાતે ઉપસ્થિત રહીને જૈન સંપ્રદાયને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીએ દેરાસરમાં કરાયેલા ભગવાનના આંગી શણગારને નિહાળ્યો હતો તેમજ અત્યંત ભક્તિ ભાવપૂર્વક દર્શન કર્યાં હતાં. ત્યારબાદ તેઓએ મહારાજ સાહેબનાં આશીર્વાદ લઈને ઉપસ્થિત સૌને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીએ ભગવાનના સુંદર આંગી શણગારને બિરદાવ્યો હતો. આ પ્રસંગે જૈન શ્રેષ્ઠીઓ, અગ્રણીઓ, સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

આમોદના દોરા ગામે ફરી અંધશ્રદ્ધાના કારણે એક બાળકે જીવ ગુમાવવાનો વારો આવવાની ઘટના

સાપ કરડતા પરિવાર ભુવા પાસે લઈ ગયો, અંધશ્રદ્ધામાં બાળકે જીવ ગુમાવ્યો

ભુવા સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ: વિજ્ઞાનજાથાના ચેરમેન જયંત પંડ્યા

સુત્રોના જણાવ્યા અનુસાર બે કલાક ભૂવા પાસે સમય વેડફ્યો

(પ્રતિનિધી) ભરૂચ,તા.4 ફરી એકવાર અંધશ્રદ્ધાના કારણે એક બાળકે જીવ ગુમાવવાનો વારો આવવાની ઘટના સામે આવી છે. ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના દોરા ગામે એક માસુમ બાળકને સાપ કરડ્યા બાદ હોસ્પિટલ લઈ જવાને બદલે ભૂવા પાસે લઈ જવામાં આવ્યો હતો. બાળકને સમયસર સારવાર ન મળતા આખરે બાળકે જીવ ગુમાવવો પડ્યો હતો.

ભરૂચના આમોદના દોરા ગામે એક બાળકને સાપે દંશ આપ્યો હતો. જે પછી બાળકના પરિવારે તેની તાત્કાલિક મેડિકલ સારવાર આપવાના બદલે એક ભૂવાનો સહારો લીધો હતો. અંધશ્રદ્ધામાં ડૂબેલો પરિવાર બાળકને ભૂવા પાસે લઈ લઈ ગયા હતા. સુત્રો દ્વારા બે કલાક ભૂવા પાસે સમય વેડફ્યો હતો.જો કે યોગ્ય સમયે સારવાર ન મળતા બાળકનું મોત થયું છે. સમગ્ર ઘટના મામલે વિજ્ઞાનજાથાના ચેરમેન જયંત પંડ્યાએ એવું નિવેદન જણાવ્યુ હતું કે ભુવા સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. તાજેતરમાં જ વિધાનસભામાં કાળા જાદુ વિરોધી બિલ પાસ કરવામાં આવ્યુ છે. ત્યારે સરકારે લાવેલા કાયદાની કડક અમલવારી થાય એ ખુબ જ જરૂરી છે.

રાજ્યમાં ભારે વરસાદથી અતિ પ્રભાવિત લોકો

1.69 લાખથી વધુ લોકોને રૂપિયા 8.04 કરોડની કેશડોલ ચૂકવાઈ

22 મૃતકોના પરિવારોને રાજ્ય સરકાર તરફથી કુલ ૩.88 લાખની સહાય ચૂકવાઈ

(પ્રતિનિધી) વડોદરા, તા.4 મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ભારે વરસાદથી અતિ પ્રભાવિત જિલ્લાઓમાં જનજીવન ઝડપભેર પૂર્વવત થાય અને અસરગ્રસ્ત જરૂરતમંદ પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની ચૂકવણી પણ ત્વરાએ થાય તે અંગે જિલ્લા કલેકટરોને દિશાનિર્દેશ આપ્યા છે.

મુખ્યમંત્રીના આ દિશાનિર્દેશોના પગલે સંબંધિત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની નિયમાનુસારની ચુકવણી પ્રક્રિયા અસરગ્રસ્તોનો સરવે કરીને હાથ ધરવામાં આવી રહી છે. તદઅનુસાર, વરસાદથી અસર પામેલા જરૂરતમંદ વ્યક્તિઓ-પરિવારો કે જેમની રોજી-રોટીને અસર થઈ છે તથા ઘરવખરી સામાન તણાઈ જવાથી કે નાશ થવાથી નુકસાન થયું છે તેમને રાજ્ય સરકાર દ્વારા સહાય ચૂકવણી કરવામાં આવે છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે પ્રેસ-મીડિયાને સંબોધન કરતા રાહત કમિશનર શ્રી આલોકકુમાર પાંડે દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રાજ્યના વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, કચ્છ, ખેડા, ગાંધીનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, નર્મદા, નવસારી અને પોરબંદર, મોરબી તથા વલસાડ જિલ્લાઓમાં કુલ ૧૧૨૦ ટીમ દ્વારા સરવેની કામગીરી હાથ ધરાઈ છે. આ જિલ્લાઓમાં તા. ૩ સપ્ટેમ્બર સુધીમાં ૧,૬૯,૫૬૧ વ્યક્તિઓને કુલ રૂ. ૮.૦૪ કરોડ રકમ કેશડોલ્સ પેટે ચૂકવવામાં આવી છે.

બેને અમદાવાદ તથા એકને પાલનપુર જેલમાં મોકલી અપાયા

વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા 3ની પાસા હેઠળ અટકાયત

શહેરમાં વારંવાર ગુનાઓ આચરતા તારાસિંગ સરદાર, વિરલ મિસ્ત્રી અને પ્રહલાદ બિસનોઈ

(પ્રતિનિધી) વડોદરા તા. 4 વડોદરા શહેરમાં વાહન ચોરી, ઘરફોડ, પ્રોહીબીશન, ખંડણી તથા આર્મ્સ એકટના ગુનાઓમાં સંડોવાયેલા ત્રણ ઈસમોની પાસા હેઠળ અટકાયત કરી બેને અમદાવાદ તથા એકને પાલનપુર મધ્યસ્થ જેલમા મોકલી આપવામાં આવ્યા હતા.

શહેરમાંથી શરીર સબંધી, મિલ્કત સબંધી, સાયબર ઓફેન્ડર, નાણા ધીરધાર, ટાફીક ઈમોરલ, આર્મ્સ એકટ, જાતીય સતામણી તેમજ પ્રોહીબીશન તથા જુગારની પ્રવૃતિ આચરતા ગુનેગારોને તેઓની ગુનાકીય પ્રવૃતિને ધ્યાને લઈ તેઓ વારંવાર આવા ગુનાઓ ન આચરે તેમજ આવા ગુનેગારોની સતત ચાલતી ગુનાકીય પ્રવૃતિ ઉપર અંકુશ મેળવવા માટે પોલીસ એક્ટિવ મોડ માં આવી ગઈ છે. શહેર વિસ્તારમાં પોલીસ સ્ટેશનો ખાતે નોંધાતા ગુનાઓનું સતત મોનીટરીંગ કરી અને આવા ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓની પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા માટે તેમજ શહેરમાં શાંતી અને ભાઈચારો જળવાઈ રહે તે હેતુથી તથા વડોદરા શહેરમાં ધાર્મિક પ્રસંગો દરમ્યાન પણ કોઈ અનિચ્છનીય બનાવ ન બને માટે ગુનેગારો સામે પાસા તેમજ હદપારી (તડીપાર) હેઠળ અટકાયતી પગલા લેવામાં આવી રહ્યા છે. શહેરમાં વારંવાર ગુનાઓ આચરતા તારાસિંગ કલ્લુસિંહ સરદાર, વિરલ વિક્રમ મિસ્ત્રી અને પ્રહલાદ માંગીલાલ બિસનોઈની પાસા હેઠળ અટકાયત કરીને બેને અમદાવાદ અને એકને પાલનપુરની સેન્ટ્રલ જેલમાં મોકલી અપાયા છે.

ગામમાં પુરના પાણીથી પ્રભાવિત થતા જ ઉચ્ચ અધિકારીને રજૂઆત કરી

જુના રાજગઢ-ભાગા ગામે અસરગ્રસ્તોની કોંગ્રેસની ટીમે લીધેલી મુલાકાત

GIPCL દ્વારા કુદરતી સ્ત્રોતો સાથે ખોટી રીતે કરાયેલી છેડછાડને કારણે આ ગામ પુરના પાણીથી પ્રભાવિત થયા હોવાનો આક્ષેપ

(પ્રતિનિધી) ભરૂચ,તા.4 વાલિયા તાલુકામાં મુશળધાર વરસાદનાં બીજા દિવસે પ્રદેશ મહામંત્રી સહીત આખી કોંગ્રેસ ટીમ અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી હતી. GIPCL દ્વારા કુદરતી સ્ત્રોતો સાથે ખોટી રીતે કરાયેલી છેડછાડને કારણે આ ગામ પુરના પાણીથી પ્રભાવિત થતા જ ઉચ્ચ અધિકારીને રજૂઆત કરી હતી. બુધવારે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી સંદીપ માંગરોલા, વાલીયા તાલુકા કોંગ્રેસ

સમિતિના પ્રમુખ વિજય વસાવા, ઝઘડિયા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ધનરાજ વસાવા સહીત કોંગ્રેસી અગ્રણી સુરેન્દ્રસિંહ અટોદરિયા, મનીષ વસાવા, અજીત વસાવા, બુધાભાઈ વસાવા અને રણજીતભાઈ વસાવાએ પુર અસરગ્રસ્ત જૂના રાજગઢ-ભાગા ગામની મુલાકાત લીધી હતી. અસરગ્રસ્તો સાથે વાતચીતમાં કઠિતપણે GIPCL દ્વારા કુદરતી સ્ત્રોતો સાથે ખોટી રીતે કરાયેલી છેડછાડને કારણે આ ગામ પુરના પાણીથી પ્રભાવિત થયા હોવાનું જાણવા મળ્યું હતું.સમગ્ર મુદ્દે GIPCLના ઉચ્ચ અધિકારીઓ સાથે વડોદરા ખાતે ટેલિફોનિક વાતચીત કરીને આ સમસ્યાનો કયાસમી ઉકેલ આવે એવી ખાતરી માટે માંગરોલાએ માંગ કરી હતી. મંગળવારે પુરના કારણે લુણા ગામના યુવાન મુકેશભાઈ વસાવાનું તણાઈ જવાથી મોત થતા કોંગ્રેસી અગ્રણીઓએ મૃતકનાં પરિજનોને મળીને સાંત્વના પાઠવી હતી.સાથે જ કલેક્ટર કચેરી ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓને મૃતકના પરિવારને તાત્કાલિક સહાય પૂરી પાડવા માટે કાર્યવાહી કરવાને અનુરોધ કર્યો.

મગરનું આરોગ્ય પરીક્ષણ કરી તેને સુરક્ષિત જગ્યાએ છોડી મૂકાશે

ઢાઢરના પાણી ઓસરતાં મગરોનો ખતરો, 3 મગર, 5 ફૂટનો અજગરને પકડ્યો

વન વિભાગની ટીમે 3 મગર અને એક અજગરનું રેસ્ક્યુ કર્યું

બત્રીસી તળાવ, વાડીયા અને મંજુલાવાસણા ગામેથી મગરનું રેસ્ક્યુ

(પ્રતિનિધી) ભરૂચ,તા.4 આમોદ તાલુકામાં ઢાઢરના નદીના પુરના પાણી ઓસર્યા બાદ હવે મગરનો ખતરો દેખાઈ રહ્યો છે.વન વિભાગે 4 ગામમાંથી એક મહાકાય અજગર સહિત 3 મગરોને રેસ્ક્યુ કરી પાંજરે પૂર્યા છે.

આમોદ નજીકથી પસાર થતી ઢાઢર નદીમાં પૂર આવ્યું હતું. ત્રણ દિવસ સુધી આમોદ અને જંબુસર

તાલુકાના કાંઠાના 10 ગામોમાં પુરના પાણીની અસર જોવા મળી હતી. હવે નદી કાંઠાના વિસ્તારોમાંથી પૂરનું પાણી ઓસરી રહ્યું છે ત્યારે મગર અને અજગરનો ખતરો જોવા મળી રહ્યો છે. બુધવારે વન વિભાગની ટીમે 3 મગર અને એક અજગરનું રેસ્ક્યુ કર્યું હતું.વન વિભાગની ટીમે આમોદના નાળિયેર ગામ ખાતેથી લગભગ 15 ફૂટના મહાકાય અજગરનું રેસ્ક્યુ કર્યું હતું. તો બત્રીસી તળાવ, વાડીયા અને મંજુલાવાસણા ગામેથી મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. વન વિભાગની ટીમે મગરનું આરોગ્ય પરીક્ષણ કરી તેને સુરક્ષિત જગ્યાએ છોડી મૂકવાની કાર્યવાહી હાથ ધરી છે.

એમેઝોન ઈન્ડિયા ગણેશ ચતુર્થી સ્ટોર પર આકર્ષક ડીલ્સ સાથે ઉત્સવ લાવશે

(પ્રતિનિધી) વડોદરા, તા.4 એમેઝોન ઈન્ડિયા તેના ગણેશ ચતુર્થી સ્ટોરના લોન્ચિંગ સાથે ઉત્સવોમાં ધૂમ મચાવવા આવી ગયું છે, જેમાં ઉત્પાદનો અને ડીલ્સની વિશાળ રેન્જ પૂરી પાડવામાં આવી છે અને સમગ્ર ભારતના ગ્રાહકો માટે ઉજવણીની તૈયારીઓને અવરોધમુક્ત અને આનંદદાયક બનાવે છે. પરંપરાગત વસ્તુઓથી લઈને આધુનિક ગેજેટ્સ સુધીની તહેવારોને લગતી તમામ જરૂરિયાતો પૂરી કરતો ગણેશ ચતુર્થી સ્ટોર્સ 07 સપ્ટેમ્બર સુધી લાઈવ રહેશે.ગણેશ ચતુર્થી સ્ટોરમાં ઝીણવટપૂર્વક બનાવેલી ગણેશજીની મૂર્તિઓ અને પૂજા માટે જરૂરી સામગ્રીથી લઈને પરંપરાગત મીઠાઈઓ, તહેવારોનાં વસ્ત્રો, ગૃહ સજાવટ અને ઈલેક્ટ્રોનિક્સમાં લેટેસ્ટ ચીજવસ્તુઓની વ્યાપક વિશાળ પ્રોડક્ટ રેન્જ ઉપલબ્ધ છે. ગ્રાહકો તહેવારોની ખરીદી માટે આકર્ષક ઓફરોનો લાભ ઉઠાવી શકે છે.

ગોરવા વિસ્તારમાં ખૂણે ખૂણે સફાઈ અભિયાન

(પ્રતિનિધી) વડોદરા, તા.4 વડોદરા શહેરમાં પૂરજોશમાં ચાલી રહેલી સફાઈ ઝુંબેશમાં સ્વચ્છતાકર્મીઓ દ્વારા વડોદરા શહેરના ખૂણે ખૂણામાં સફાઈ કરવામાં આવી રહી છે.વડોદરા

શહેરના ગોરવાના રહેણાંક વિસ્તારોમાં કચરાના ઢગલા તથા જાહેર માર્ગો પરના કચરાને એકત્રિત કરીને યોગ્ય નિકાલ કરવામાં આવી રહ્યો છે. શહેરના અસરગ્રસ્ત વિસ્તારોમાં સફાઈ, આરોગ્ય અને રોડ રસ્તાને લગતી કામગીરી રાત દિવસ ચાલી રહી છે. આજે પણ વડોદરામાં ગોરવા વિસ્તારોમાં સફાઈ વીરો દ્વારા સફાઈ કામગીરી અટક્યા વગર હાથ ધરવામાં આવી રહી છે. આ સાથે રોગચાળો ના ફેલાય તે માટે ભરાયેલા પાણી પર દવાઓનો છંટકાવ પણ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત શહેરના ગોરવા સહિત અન્ય વિસ્તારોમાં રસ્તા પર અને રહેણાક વિસ્તારોની આસપાસ ખાબોચિયામાં ભરાયેલ પાણીના કારણે વરસાદી જીવાતોનો ઉપદ્રવ ના થાય અને રોગચાળો ના ફેલાય તે માટે દવાઓનો છંટકાવ પણ કરવામાં આવી રહ્યો છે.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ટેન્ડર નોટીસ

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજરદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજરદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજીત રકમ
૧	૪૪૬/૨૪-૨૫	પાર્કસ એન્ડ ગાર્ડન	૧૨	૬,૫૬,૬૯૧/-
૨	૪૪૭/૨૪-૨૫	ડ્રુ વિભાગ	૦૧	૭૨,૧૬,૯૫૦/-
૩	૪૪૮/૨૪-૨૫	પૂર્વ ઝોન	૦૧	૨,૪૭,૮૭૩/-
૪	૪૪૯/૨૪-૨૫	આઇ.ટી. વિભાગ	૦૧	૪,૯૯,૫૦૦/-
૫	૪૫૦/૨૪-૨૫	પાણી પુરવઠા શાખા	૦૩	૯૬,૩૦૫/-
૬	૪૫૧/૨૪-૨૪	બિલ્ડીંગ પ્રોજેક્ટ	૦૧	૧,૦૦,૮૦૦/-

નોંધ: અ.નં.૨ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૪૫૨/૨૦૨૪-૨૫ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

ભારે વરસાદને કારણે વિદ્યાર્થીઓના પાઠ્યપુસ્તક નોટબુકને પણ ભારે નુકસાન થતા ગુરુજનોનું સ્તુત્ય પગલું.....!

શ્રેષ્ઠ શિક્ષકો તેમની પુરસ્કારની ધનરાશી બાળકોના પાઠ્યપુસ્તકો માટે વાપરશે

જિલ્લા અને તાલુકા કક્ષાએ સન્માનિત આઠ શિક્ષકોના રૂપિયા ૮૦ હજારના પુરસ્કારથી વરસાદમાં પલળી ગયેલા પુસ્તકોને બદલે નવા લેવાશે

(પ્રતિનિધી) વડોદરા, તા.4 ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસે મનાવતા શિક્ષક દિને વડોદરા શહેર અને જિલ્લાના આદર્શ શિક્ષકોએ તેમના છાત્રોના હિતમાં પ્રેરણાદાયી પગલું લીધું છે. શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કારથી સન્માનિત થવા જઈ રહેલા આ ગુરુજનો તેમને સન્માન સાથે મળવાની ધનરાશીનો ઉપયોગ શાળાના બાળકોના પુસ્તકો માટે કરશે. ભારે વરસાદના કારણે શાળાના બાળકોના પાઠ્ય પુસ્તકો પલળી જવાના કારણે આ નિર્ણય લીધો છે. શિક્ષક દિને વડોદરા વિદ્યુત બોર્ડ વિદ્યાલયના સોનલ જે. ગોસ્વામી, આદર્શ નિવાસી શાળાના પારૂલબેન વસાવા, વેમાર પ્રાથમિક શાળાના ડો. મિહિર ત્રિવેદી, કિયા પ્રાથમિક શાળાના કિંજલ ડી. ગોસાઇ, ધનોરા પ્રાથમિક શાળાના રાજેશભાઇ રબારી, કૈવલનગર પ્રાથમિક શાળાના સંગીતાબેન ચૌહાણ, નવાપુરા પ્રાથમિક શાળાના રાકેશકુમાર પરમાર અને કણજટ પ્રાથમિક શાળાના શીતલ રાયમંગિયાએ જિલ્લા તથા તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનું પારિતોષિક મળ્યું છે.

૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિને દર વર્ષે જિલ્લા અને તાલુકા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા શિક્ષકોને જિલ્લા કક્ષાએ સન્માન કરી જિલ્લા કક્ષા વિજેતા શિક્ષકોને રૂ. ૧૫,૦૦૦ અને તાલુકા કક્ષા વિજેતા શિક્ષકોને રૂ. ૫,૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. તાજેતરમાં વડોદરા શહેર અને જિલ્લામાં થયેલ ભારે વરસાદને કારણે શાળાઓના વિદ્યાર્થીઓના પાઠ્યપુસ્તક નોટબુકને પણ ભારે નુકસાન થયું હોવાની સ્થિતિમાં તાલુકા કક્ષા વિજેતા ૪ અને જિલ્લા કક્ષા વિજેતા કુલ ૪ એમ કુલ ૮ શિક્ષકોએ પોતાને મળનાર રોકડ પુરસ્કારની રૂ. ૮૦,૦૦૦ની રકમ શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક કીટ માટે વાપરવા જિલ્લા શિક્ષણાધિકારી , વડોદરા સમક્ષ લાગણી વ્યક્ત કરી છે.

આ શિક્ષકો પોતાની શાળા અથવા અન્ય શાળાના જે છાત્રોના પાઠ્યપુસ્તકો વરસાદમાં પલળી ગયા છે, તેને નવા પુસ્તકો લેવા મદદ કરશે. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રાકેશ વ્યાસે આ શિક્ષકોની ઉદાત ભાવનાને બિરદાવી છે.

ગુજરાતમિત્ર

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)

આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com